# ગુજરાતે કેન્દ્ર સરકારની સ્ટાર્ટ-અપ યોજનાનો સંપૂર્ણ લાભ લેવો જોઈએ

**મેનેજમેન્ટ**

**ધવલ મહેતા**

હવે સરકાર સ્ટાર્ટ-અપ યોજનાને પ્રાથમિકતા આપશે. તેના અમલીકરણ માટે સરકારે રૂા. ૧૦,૦૦૦ કરોડના ફન્ડની રચના કરવાનું નક્કી કર્યું છે. નવા ઉદ્યોગ કે વ્યાપાર સાહસિકો માટે તેમણે ચાર મોટી રાહતો અને સવલતોની જાહેરાત કરી છે. જે વાસ્તવમાં નવા ઉદ્યોગકારોને ઘણી મદદ કરી શકે તેમ છે. આ ચાર મુખ્ય રાહતો કે સવલતો નીચે પ્રમાણે છે. (૧) નવા સાહસે તે સ્થાપિત થયું કે તેની વિધિ એકદમ સરળ કરી નાખી છે. નવા એકમે જાતે જ તેની શરૂઆત કરવાનું સર્ટિફિકેટ




બનાવવાનું રહેશે. અંગ્રેજીમાં આને સેલ્ફ-સર્ટિફિકેશન કહે છે. (૨) ત્રણ વર્ષ સુધી સ્ટાર્ટ-અપનું કોઈ સરકારી ઈન્સ્પેકશન થશે નહીં (૩) સૌથી અગત્યની વાત એ છે કે નવા સ્ટાર્ટઅપના નફા પર પ્રથમ ત્રણ વર્ષ કોઈ ટેક્ષ લાગશે નહીં. (૪) પોતાની મિલકત વેચીને સ્ટાર્ટઅપ શરૂ કરનારાઓને કેપિટલ ગેઈનમાં રાહત મળશે. (૫) સરકાર ૩૫ નવા ઈન્ક્યુલેશન કેન્દ્રો ખોલશે. (૬) સંશોધનો આગળ વધારવા ૫ લાખ શાળાના ૧૦ લાખ બાળકોની પસંદગી થશે.

**બિઝનેસ સ્કુલોને તક :** ઉપરના મુદ્દાઓ એ સૂચવે છે કે ગુજરાતની બીબીએ, બીસીએ, એમબીએ, એમસીએ જેવા વિવિધ અભ્યાસક્રમો ચલાવતી શૈક્ષણિક સંસ્થાઓ માટે 'સ્ટાર્ટ-અપ'ની ટ્રેઈનીંગ શરૂ કરવાની અદ્‌ભુત તકો ઊભી થઈ છે. વળી આ સ્ટાર્ટ-અપ માત્ર આઈટી કે આઈટીને લગતા ક્ષેત્રો સુધી મર્યાદિત નથી. જો ધંધાના વિચારમાં કોઈ નાવિન્ય હશે, કાંઈક નવું કરવાની ઈચ્છા હશે, ગ્રાહકોની માંગ સંતોષવામાં કોઈ નવી પદ્ધતિ શોધી કઢાઈ હશે તો પણ તેને સ્ટાર્ટ-અપની યોજનામાં સમાવી લેવામાં આવશે. ગુજરાતમાં ધંધાની સ્થાપના સેંકડો વર્ષોથી થતી આવી છે. જગતભરમાં ગુજરાતી પ્રજા વ્યાપારી પ્રજા ગણાય છે. એટલે સ્ટાર્ટ-અપની બાબતમાં પણ તે અગ્રેસર રહેશે તેમ આશા રાખી શકાય. પરંતુ હકીકતો આનાથી વિરૂદ્ધ દીશામાં છે. દેશમાં સ્ટાર્ટ-અપ કરનારા પ્રથમ પાંચ રાજ્યોમાં મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, કર્ણાટક અને તામીલનાડુ છે. નવા આઈડિયા પર કામ કરવામાં ગુજરાતી યુવાનો કેમ પાછળ છે તેનું કારણ ખબર પડતી નથી. દા.ત. ગયા વર્ષે ભારતમાં ૪૨૦૦થી વધુ સ્ટાર્ટ-અપ્સ નોંધાયા હતા. તેમાંથી ૬૦ ટકાથી વધારે સ્ટાર્ટ-અપ્સ બંગાલુરૂ (બેંગલોર)માં નોંધાયા હતા. સમગ્ર ભારત બિઝનેસ શરૂ કરવાની અટપટી વિધિઓમાં સપડાયેલું છે. ગુજરાત પણ તેમાંથી બાકાત નથી. સ્ટાર્ટ-અપની શરૂ કરવાની વિધિ તદ્દન સરળ કરવા માટે ભારત સરકાર અને ગુજરાત સરકારે હજી વધુ પ્રયત્નો કરવા પડશે. નવો ધંધો શરૂ કરવા જમીન જોઈએ, ઓફિસ જોઈએ, ઉત્પાદનનું ક્ષેત્ર હોય તો ફેક્ટરી નાખવી પડે, પાણીની, વીજળીની અને ગેસની લાઈનો લેવા માટેની પરવાનગી જોઈએ. સુધરાઈની તેમજ રાજ્ય સરકારની પરવાનગી જોઈએ. શું આ બધું ભારતમાં (અને ગુજરાતમાં) મેળવવું સરળ છે ? ઘણા તો ધંધો શરૂ કરવા માટેના નિયમો અને કાયદાઓના જંગલથી જ ગભરાઈ જઈને ધંધો શરૂ કરવાનું માંડી વાળે છે. એમબીએના વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ બનાવવાની તાલીમ અપાય છે પણ તે શરૂ કરવા માટે સરકારમાં ક્યાં ક્યાં ઠેકાણેથી ક્યા-ક્યા પ્રકારની પરવાનગી લેવી પડે છે તેની તાલીમ અપાતી નથી. ભારત અને રાજ્ય સરકારો તેમજ સુધરાઈઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનોએ 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને તદ્દન સરળ બનાવવું પડશે. ધારો કે ધંધો બરાબર ના ચાલ્યો અને તમારે તેને બંધ કરી દેવો છે. ધંધાને બંધ કરવાની વિધિ ધંધાને શરૂ કરવાની વિધિ જેવી જ અટપટી અને ધીમી છે. આ યોજના હેઠળ ધંધો બંધ ઝડપથી કરી શકાશે તેવું કહેવામાં આવ્યું છે પરંતુ તે માટે સરકારે અત્યારના નિયમોને બહુ સરળ બનાવવા પડશે. આમ સ્ટાર્ટ-અપનો વિચાર ભલે અત્યારે ખૂબ સારો લાગે પરંતુ જો સરકારી અમલદારશાહીનું માળખું આ રીતે જ કામ કરશે તો આ યોજના લાંબી ચાલશે નહીં. વળી, જો સ્ટાર્ટ-અપ તદ્દન નવા વિચાર કે નવી શોધ પર શરૂ થયું હોય તો તેની નવી શોધને પેટન્ટ મળવી જોઈએ. સામાન્ય રીતે ભારતમાં નવી શોધ માટેના પેટન્ટની અરજી પછી લગભગ છ વર્ષે તેની પેટન્ટ મળે છે. આવો અક્ષમ્ય વિલંબ નવી શોધ આધારિત સ્ટાર્ટ-અપને પરવડી શકે નહીં. સ્ટાર્ટઅપની નવી શોધના લાભો અન્ય કંપનીઓ લઈ જાય.

**ઉદ્યોગકારોનું સ્ટાર્ટઅપને સમર્થનઃ** ટાટા, વિપ્રો, આઈબીએમ, નાસ્કોપ જેવી સંસ્થાઓએ સ્ટાર્ટ-અપની યોજનાને ઉત્સાહભેર સમર્થન આપ્યું છે. તે આ યોજનાનું એક આશાજનક પાસું છે. રતન ટાટા અને આઝીમ પ્રેમજીએ આ યોજનામાં ખાસ રસ દાખવ્યો છે. આઝીમ પ્રેમજીની વિપ્રો કંપનીએ ૧૦ કરોડ ડોલર્સનું વેન્ચર કેપિટલ ફંડ રચ્યું છે. નાસ્કોપે દસ હજાર સ્ટાર્ટ-અપની યોજના બનાવી છે. દેશના અગ્રણી ઉદ્યોગપતિ રતન ટાટા, સ્ટાર્ટઅપ્સ માટે પોતાની અંગત મૂડીરોકાણ કરી રહ્યા છે. આઈબીએમ કંપની ભારતની ૧૦૦ સ્ટાર્ટ-અપ્સ સાથે કામ કરી રહી છે. ભારતમાં એક અંદાજ મુજબ ૯૦ કરોડ મોબાઈલ ફોન છે અને ૩૦ કરોડ ઈન્ટરનેટ વપરાશકર્તાઓ છે. જો આ આંકડા સાચા હોય તો ભારતમાં ડિજીટલ યુગ આવી ગયો છે તેમ ગણાય. ભારતના ગામડામાં મોબાઈલ પહોંચી ગયા છે પરંતુ ઈન્ટરનેટની સેવાઓ ઝાઝી પહોંચી નથી. અંગ્રેજી ભાષાનો અવરોધ નડે છે. કારણ કે ઈન્ટરનેટ સેવાઓ મોટેભાગે અંગ્રેજીમાં ચાલે છે. તેની કેટલીક સેવાઓનું ભાષાંતર (દા.ત. ગુજરાતીમાં) થાય છે પરંતુ આ ભાષાંતર તદ્દન કઢંગુ અને સમજણ પડે નહીં તેવું થાય છે. પરંતુ એ વાત નક્કી કે ભારતમાં ઈ-કોમર્સ દ્વારા થતું વેચાણ પ્રચંડ વધ્યું છે. ભારતમાં ઈ-કોમર્સ ૧૬ અબજ ડોલર્સનું હશે તેવો અંદાજ છે. આ અંદાજ કેટલો 'એક્યુરેટ' છે તે જાણી શકાતું નથી.

**સ્ટાર્ટ-અપની વ્યાખ્યા :** સ્ટાર્ટ-અપ એટલે તમે ગમે તે ધંધો શરૂ કરી દો તે થતો નથી. સ્ટાર્ટઅપની વ્યાખ્યામાં (૧) તમારો ધંધો ૨૫ કરોડથી વધુ વેચાણ ધરાવતો હોવો જોઈએ નહીં (૨) પાંચ વર્ષથી વધુ જૂનો હોવો જોઈએ નહીં. (૩) કોઈ નવી ટેકનોલોજીવાળો કે નવા ઈનોવેશનવાળો હોવો જોઈએ અથવા તે દિશામાં કામ કરતો હોવો જોઈએ. નવા ધંધા માટે આ શરતો પાળવી અઘરું કામ નથી. પરંતુ બહોળા અર્થમાં કોઈપણ નવો ધંધો સ્ટાર્ટ-અપની વ્યાખ્યામાં વણી લઈ શકાય તેમ છે.

**હવે પોપ્યુલીઝમ નહીં ચાલે :** નરેન્દ્ર મોદીએ સ્ટાર્ટ-અપના અમલીકરણ માટે ૧૯ મુદ્દાઓનો પ્લાન બનાવ્યો છે. જો આ યોજના સફળ થશે તો ભારતમાં હજારો નવા ધંધાઓ શરૂ થશે. જેમાં મોદીના જણાવ્યા પ્રમાણે માત્ર આઈટી ટેક્નોલોજી કે ઈ-કોર્મસ જ નહીં હોય પણ તેમાં બાયોટેક્નોલોજીના ક્ષેત્રના સ્ટાર્ટ-અપનો પણ મોટો ફાળો હશે. અલબત્ત આ બધા માટે દસ હજાર કરોડનું ફંડ પૂરતું જણાંતું નથી. સ્ટાર્ટઅપના ખરા 'હીરો' તો આપણી યુવાન પેઢી છે જેમણે નવા નવા વિચારો (ઈનોવેશન્સ) સાથે નવા ઉદ્યોગ સાહસો ઊભા કરવાના છે. સરકારે લોકરંજની (પોપ્યુલીસ્ટ) શૈલીમાંથી બહાર નીકળવાનું છે. સ્ટાર્ટ-અપની યોજનાની ઘોષણા પહેલા જ જાપાનની સોફટબેન્કના વડા માસપોશીસને જાહેર કર્યું હતું કે, તેઓ ભારતમાં ૧૦ બિલિયન ડોલર્સ (લગભગ ૬૬,૦૦૦ કરોડ રૂપિયા)નું મૂડી રોકાણ કરવા માગે છે. આ માટે તેઓ ભારતના અનેક સ્ટાર્ટ-અપ્સને વેન્ચર કેપિટલ પૂરૂ પાડશે તેમ આશા રાખી શકાય. પરંતુ આના લાભો જનતાને મળે તે માટે કાચબાની ગતિએ ચાલતા ભારતના સરકારી કર્મચારીઓએ પોતાની ઝડપ હરણ જેટલી કરવી પડશે. આ યોજનાનો લાભ લેવા ગુજરાતના લોકોએ કમર કસવી પડે અને બિઝનેસ સ્કૂલ્સે પણ સ્ટાર્ટ-અપ અંગેના નાના નાના ટ્રેઈનીંગ કોર્સીસ શરૂ કરવા જોઈએ

**નરેન્દ્ર મોદીએ સ્ટાર્ટ-અપના અમલીકરણ માટે ૧૯ મુદ્દાઓનો પ્લાન બનાવ્યો છે. જો આ યોજના સફળ થશે તો ભારતમાં હજારો નવા ધંધાઓ શરૂ થશે.**